INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

## અખબારી યાદી

તા. ૨૦-૩-૨૦૨૪

- **ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ભાજપને ૭૦ કરોડ કરતા વધુની રકમ 'ચંદા દો, ધંધા લો'ની ભાજપ સરકારની લુટનીતિનો શું આ ભાગ છે?**
- **ભાજપ પોતાના કરોડો રૂપિયાના પાર્ટી ફંડની લાયમાં દરિયાઈકાંઠાના ગામડાઓનું, અને ભાવિ પેઢીનું પતન કરી રહી છે**

ગેરકાયદેસર ખનીજ-ખનનના પરવાના આપી અબજો રૂપિયાની કુદરતી સંપદા લુંટનાર કંપનીઓએ ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ભાજપને ૭૦ કરોડ કરતા વધુની રકમ 'ચંદા દો, ધંધા લો'ની ભાજપ સરકારની લુટનીતિનો શું આ ભાગ છે? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર, બેરોક-ટોક ખનીજ લુંટની સામે ઈલેક્ટોરલ બોન્ડનાં નામે ગ્રાસીમ અને એસ્સેલ માઈનિંગ દ્વારા મહુવા અને તળાજાનાં દરિયાકાંઠાનાં માઈનિંગ પ્રોજેક્ટ મોટા પાયે કરી રહ્યા છે. એસ્સેલ માઈનિંગ એન્ડ ઈન્ડસ્ટ્રી લીમીટેડે તારીખ ૧૨ એપ્રિલ ૨૦૧૯ એક જ દિવસમાં ૫૦ કરોડથી વધુનાં ઈલેક્ટોરલ બોન્ડની ખરીદી કરવામાં આવી હતી. ગ્રાસીમ ઈન્ડસ્ટ્રી તારીખ ૧૨ એપ્રિલ ૨૦૧૯ એમ એક જ તારીખે ૨૦ કરોડના ઈલેક્ટોરલ બોન્ડની ખરીદી કરવામાં આવી હતી. એસ્સેલ માઈનિંગ અને ગ્રાસીમ ઈન્ડસ્ટ્રી આ બન્ને માઈનિંગ કંપનીઓ અલ્ટ્રાટ્રેક સિમેન્ટ આદિત્ય બિરલા ગ્રુપની છે અને તેઓએ ખાનગી રીતે ઈલેક્ટોરલ બોન્ડ થકી ૭૦ કરોડથી વધુ ફંડ ભાજપને આપ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. શું આ ૭૦ કરોડની ઈલેક્ટોરલ બોન્ડની માતબર રકમ માત્ર સૌરાષ્ટ્રના મહુવા અને તળાજાનાં દરિયાકાંઠાના ખનીજ ખનન મનફાવે તે રીતે કરી શકે તેના ભાગરૂપે આપવામાં આવી છે? મહુઆ તાલુકાના ભાદ્રોળ, ઢસાકુંડળ, નેક અને ઉચા કોટડા સહિતના ગ્રામ વિસ્તારોમાં મોટા પાયે ખનન માફિયા ખનન ચોરી કરી રહ્યા છે. ભાજપ પોતાના કરોડો રૂપિયાના પાર્ટી ફંડની લાયમાં દરિયાઈકાંઠાના ગામડાઓનું, અને ભાવિ પેઢીનું પતન કરી રહી છે.

ભારતીય રીઝર્વ બેન્ક (આર.બી.આઈ.) ૩૦ જાન્યુઆરી, ૨૦૧૭ ચેતવણીપત્ર માં સ્પષ્ટ જણાવ્યું હતું કે ઈલેક્ટોરલ બોન્ડના ઉપયોગથી કાળું ધન, મની લોન્ડ્રીંગ જેવા કારનામામાં ઉમેરો થઈ શકે છે. ભાજપની ચંદા દો-ધંધા લો, કોન્ટ્રાક્ટ લો, લાંચ દો જેવી હપ્તા વસૂલી અને ફંડ આપતી ફર્જી કંપની (શેલ કંપની)એ દેશમાં ભ્રષ્ટાચારનું સુનિયોજિત નેટવર્ક ઉભું કર્યું હોય તેમ સ્પષ્ટ જણાય છે. વર્ષ ૨૦૧૮ પછી ૪૩ જેટલી કંપનીએ તેની સ્થાપના ના છ મહિનામાં ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા અને કુલ મળીને ૩૮૪.૫૦ કરોડનું દાન આપ્યું. વર્ષ ૨૦૧૮માં નાણામંત્રાલયએ પી.એમ.એલ.એ.(PMLA)ના ઉલ્લંઘન સંબંધી ૧૯ કંપનીને ઉચ્ચ જોખમ (HIGH RISK) ના રૂપમાં ઓળખ કરી હતી. આ ૧૯ કંપનીઓએ પણ ૨૭૧૭ કરોડ રૂપિયા ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા જેમાંથી ૧૮ કંપનીઓ નાણામંત્રાલયની પી.એમ.એલ.એ.(PMLA)ના ઉલ્લંઘન સંબંધી ૧૯ કંપનીને ઉચ્ચ જોખમ (HIGH RISK) લીસ્ટમાંથી બાકાત કરી નાખવામાં આવી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા